# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ

રજી. અને કોર્પોરેટ ઓફિસ, "પશ્ચિમ ગુજરાત વીજ સેવા સદન"
નાના મવા મેઇન રોડ, લક્ષ્મીનગર, રાજકોટ – ૩૬૦ ૦૦૪
CIN: U40102GJ2003SGC042908; ફોન: (૦૨૮૧) ૨૩૮૦૪૨૫/૨૭; ફેક્સ: ૨૩૮૦૪૨૮;
Email: info.pgvcl@gebmail.com; Web site: www.pgvcl.com


## ઓપરેશનલ ગાઈડલાઈન

**Annexure A**

- સબડીવીઝન ઓફીસે ૨૦ હો.પા. સુધીના ( ૫ હો.પા., ૬ હો.પા., ૭.૫ હો.પા., ૧૦ હો.પા., ૧૨.૫ હો.પા., ૧૫ હો.પા., ૧૭.૫ હો.પા., ૨૦ હો.પા.) નવા ખેતીવાડી વીજજોડાણ માટેના અરજદારને અંદાજપત્ર સાથે પત્ર મોકલાવી જણાવવાનું રહેશે કે ડીમાન્ડ સાઈડ મેનેજમેન્ટ કાર્યક્રમ અંતર્ગત અરજદારે તેના વીજજોડાણ પર **BEE** ફાઈવ સ્ટાર રેટેડ પંપ લગાડવાનો રહેશે. આ પત્ર સાથે સંલગ્ન આ યોજના અંગેની માહિતી તથા **BEE** અધિકૃત પંપસેટ ઉત્પાદકોનું લીસ્ટ આપવાનું રહેશે.

- આ કાર્યક્રમ અન્વયે અરજદાર પાસેથી અંદાજપત્રની રકમ ભરતી વખતે સાદા પત્ર પર સહમતી લેવાની રહેશે.

- અરજદારે **BEE** ફાઈવ સ્ટાર પંપ સેટ લેવા માટે **BEE** દ્વારા માન્ય પંપ સેટ ઉત્પાદક અથવા તેઓના પ્રમાણિત ડીલર/સપ્લાયર નક્કી કરવાનો રહેશે.

- અરજદારે અંદાજપત્રની રકમ ભરપાઈ થઇ ગયા બાદ ત્રિપક્ષીય કરાર (પ્રથમ પક્ષકાર:પીજીવીસીએલ, બીજા પક્ષકાર:અરજદાર અને ત્રિજા પક્ષકાર:અરજદારે નક્કી કરેલ **BEE** દ્વારા માન્ય પંપ સેટ ઉત્પાદક સાથે) કરવાનો રહેશે. આ ત્રિપક્ષીય કરાર ખેતીવાડી વીજ જોડાણ ના કરાર વખતે જ કરવવાનો રહેશે.

- અરજદારે ત્રિપક્ષીય કરાર કરેલ **BEE** દ્વારા માન્ય પંપ સેટ ઉત્પાદક અથવા તેઓના પ્રમાણિત ડીલર/સપ્લાયર પાસેથી **BEE** ફાઈવ સ્ટાર પંપ સેટ ખરીદ કરવાનો રહેશે.

- અરજદારે દ્વારા પેટા વિભાગીય કચેરીના અધિકારી/સ્ટાફને પંપસેટના ઇન્સ્ટોલેશન કરવા માટે ઓછામાં ઓછા ત્રણ દિવસ અગાઉથી જાણ કરવાની રહેશે.

- અરજદાર દ્વારા કરવામાં આવેલ જાણ અનુસાર પેટા વિભાગીય કચેરીના અધિકારી/સ્ટાફ એ સ્થળ ઉપર ઉપસ્થિત રહી અરજદાર પાસેથી બીલ તથા ટેસ્ટરીપોર્ટની નકલ મેળવવાની રહેશે તેમજ પંપસેટનું પ્રસ્થાપન તથા ટેસ્ટીંગ એટલેકે ઈનપુટ(**KW**) તથા ડીસ્ચાર્જ(**LPM**) નું

માપન પંપ સેટ ઉત્પાદક અથવા તેઓના પ્રમાણિત ડીલર/સપ્લાયરના પ્રતિનિધિ પાસે કરાવીને સ્થળ પર આ કાર્યવાહી પોતાની ઉપસ્થિતિમાં થયા અંગેનું નીયત નમુના મુજબનું રોજકામ કરવાનું રહેશે.

- પંપ સેટ પ્રસ્થાપન વખતે પેટા વિભાગીય કચેરીના અધિકારી/સ્ટાફે ખેતીવાડી ગ્રાહક પાસેથી મેળવેલ ફાઈવ સ્ટાર રેટેડ પંપસેટના ટેસ્ટરીપોર્ટ તેમજ બીલ/ઇનવોઈસની નકલ રોજકામ સાથે સામેલ કરવાની રહેશે.

- **BEE** માન્ય પંપ સેટ ઉત્પાદક અથવા તેઓના પ્રમાણિત ડીલર/સપ્લાયરે આ યોજના અંતર્ગત જે તે ગ્રાહક ને વેચાણ આપવામાં આવેલ પંપસેટ ના બીલ/ઇનવોઇસની બીજી પ્રત તથા **BEE** ફાઈવ સ્ટાર રેટેડ પંપસેટનો મોડલ નંબર તેમજ હોર્સ પાવર ક્ષમતાના ઉલ્લેખ સહીતના **BEE** પ્રમાણપત્રની નકલ સહી તથા સીક્કો લગાવી પ્રમાણિત કરી જેતે લાગુ પડતી પેટા વિભાગીય કચેરીને મોકલી આપવાની રહેશે.

- અરજદારના વીજ જોડાણનો ટેસ્ટ રીપોર્ટ સ્વીકારતી વખતે ટેસ્ટ રિપોર્ટમાં **BEE** ફાઈવ સ્ટાર રેટેડ પંપસેટના હો.પા., સીરીયલ નંબર અને અનુસંગિક વિગતોના ઉલ્લેખ અંગે ખરાઈ કરવાની રહેશે.

- પેટા વિભાગીય કચેરીએ **BEE** પંપ સેટ ઉત્પાદક અથવા તેઓના પ્રમાણિત ડીલર/સપ્લાયર પાસેથી મળેલ બીલ/ઇનવોઈસની બીજી પ્રત તથા **BEE**નું ફાઈવ સ્ટાર રેટિંગનું સર્ટીફીકેટ તેમજ અરજદાર પાસેથી મેળવેલ પંપ સેટનો ટેસ્ટ રિપોર્ટ તથા ઇનવોઈસની નકલને સ્થળ પરના રોજ્કામ સાથે વિભાગીય કચેરીને મોકલી આપવાના રહેશે. તેમજ તેની ઝેરોક્ષ નકલ કેસ ફાઈલમા સામેલ કરવાના રહેશે.

- વિભાગીય કચેરી એ પંપસેટ ની બીલ/ઇનવોઇસ, પંપ સેટ મોડલ નંબર સહિતનું **BEE** ફાઈવ સ્ટાર રેટિંગનું પ્રમાણપત્ર તથા પંપ સેટનો ટેસ્ટ રિપોર્ટ તથા સ્થળ પરનું રોજ્કામ, બીલ ની નકલ વેરીફાય કરીને અરજદાર દ્વારા **BEE** ફાઈવ સ્ટાર અધિકૃત પંપસેટ ઉત્પાદક પાસેથી ખરીદ કરેલ પંપસેટ ની કુલ કીમત પૈકીની રકમ નીચે મુજબ ઉત્પાદકને ચુકવવાની રહેશે.

| ક્રમ | ખેતીવાડી અરજદાર માટે **BEE** ફાઈવ સ્ટાર રેટેડ પંપસેટની ક્ષમતા | પીજીવીસીએલ દ્વારા ખેતીવાડી અરજદાર વતી પૂરી પાડવા માટેની રકમ (રૂપિયામાં) |
|---|---|---|
| ૧ | ૫.૦ હો.પા | ૩,૯૦૦/- |
| ૨ | ૬.૦ હો.પા | ૩,૫૦૦/- |

| | | |
|---|---|---|
| ૩ | ૭.૫ હો.પા | ૪,૬૦૦/- |
| ૪ | ૧૦ હો.પા | ૫,૫૦૦/- |
| ૫ | ૧૨.૫ હો.પા | ૬,૮૦૦/- |
| ૬ | ૧૫ હો.પા | ૮,૪૦૦/- |
| ૭ | ૧૭.૫ હો.પા | ૮,૮૦૦/- |
| ૮ | ૨૦ હો.પા | ૧૨,૫૦૦/- |

અહી વિભાગીય કચેરીએ પંપસેટ સિરયલ નંબર તથા હોર્સ પાવર રેટિંગનું વેરીફીકેશન બીલ/ઇનવોઇસ તથા **BEE** ફાઈવ સ્ટાર રેટિંગનું પ્રમાણપત્ર તથા પંપ સેટનો ટેસ્ટ રિપોર્ટ તથા સ્થળ પરના રોજ્કામ માં કરવાનું રહેશે. તેમજ રોજકામમાં માપન બાદ દર્શાવેલ ઈનપુટ(**KW**) તથા ડીસ્ચાર્જ(**LPM**) ની કિમત પંપસેટ ટેસ્ટરીપોર્ટમાં દર્શાવેલ આનુસંગિક પેરામીટર મુજબની હોવાનું પણ વેરીફાઈ કરવાનું રહેશે.

- પેટા વિભાગીય કચેરીએ આ કાર્યક્રમ અંતર્ગત **BEE** ફાઈવ સ્ટાર રેટેડ પંપસેટ લગાવેલ ગ્રાહકો ની માહિતી જાળવવા જે તે વીજજોડાણ રીલીઝ કરતી વખતે “ યુનિક કોડ” આપવાનો રહેશે. તેમજ ગ્રાહકનું નામ, ગ્રાહક નંબર, કરારીત ભાર, પંપસેટ મેઈક / મોડેલ નંબર / સીરીયલ નંબર તથા પ્રસ્થાપનની તારીખ સહીતની દરેક વિગતો રજીસ્ટરમાં નોંધી રેકર્ડ જાળવવાનો રહેશે.

- પીજીવીસીએલ પેટા વિભાગીય કચેરીના નાયબ ઇજનેરશ્રી, અરજદાર તથા પંપસેટ ઉત્પાદક / અધિકૃત સપ્લાયર વચ્ચે ત્રિપક્ષીય કરાર રૂ. ૧૦૦ ના નોન જ્યુડીશીયલ સ્ટેમ્પ પેપર પર કરવાનો રહેશે. સ્ટેમ્પ પેપર નો ખર્ચ પંપસેટ ઉત્પાદકે ભોગવવાનો રહેશે.

- અરજદારોને ઉર્જા કાર્યક્ષમ પંપસેટ ઉત્પાદક તરફથી ૨ વર્ષની વોરંટી મળશે. આ સમયગાળા દરમીયાન ઉત્પાદક દ્વારા ૨૪ કલાકમાં મફત રિપેરિંગ અથવા રીપેરીંગમાં વધુ સમય લાગે તેમ હોય તો, અન્ય ઉર્જા કાર્યક્ષમ પંપસેટ દ્વારા બદલાવી ખામીવાળા પંપસેટનું રીપેરીંગ કરવામાં આવશે.

- પંપ ઉત્પાદકે દરેક વિભાગીય કચેરીના કાર્યક્ષેત્ર હેઠળ સપ્લાય કરેલ કુલ **BEE** ફાઈવ સ્ટાર પંપ સેટ ના ૧%, ૧ નંગ (જે વધુ હોય તે) પંપ સેટનું ટેસ્ટીંગ સેમ્પલ બેઈસ પર દર ૬ મહીને પીજીવિસીએલના સ્ટાફ/અધિકારીની ઉપસ્થિતિમાં કરવાનનું રહેશે. આ મુજબનું ટેસ્ટીંગ બે વર્ષની વોરંટીના સમયગાળા સુધી કરવાનું રહેશે. આ ટેસ્ટીંગ કરતા પંપ સેટના ઈનપુટ **(KW)** અને ડીસ્ચાર્જ **(LPM)** નું માપન કરવાનું રહેશે.

- સ્થળ પર લગાવામાં આવેલ પંપ સેટ પૈકીના કોઈ પણ નું યાદચ્છીક રીતે પંપ ઉત્પાદક દ્વારા પરીક્ષણ (થર્ડ પાર્ટી ટેસ્ટીંગ) કરાવીને પંપ સેટ ની કાર્યક્ષમતાનું મૂલ્યાંકન કરવામાં આવશે. પંપ સેટ જો આ પરીક્ષણમાં નિષ્ફળ જશે તો પંપ સેટ ઉત્પાદકને કુલ **BEE** ફાઈવ સ્ટાર પંપ સેટ બદલી આપવાનો રહેશે.

<u>માહિતી પત્ર</u> **Annexure B**

“ડિમાન્ડ સાઈડ મેનેજમેન્ટ” કાર્યક્રમ

- ગુજરાત વિદ્યુત નીયંત્રક આયોગ દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવેલ “ડીમાન્ડ સાઈડ રેગ્યુલેશન-૨૦૧૨” અનુસાર પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ દ્વારા ખેતીવાડી વિષયક નવા વીજ જોડાણો માટે આ કાર્યક્રમ ઘડવામાં આવેલ છે.

- પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ દ્વારા લાગુ કરાયેલ ડીમાન્ડ સાઈડ મેનેજમેન્ટ કાર્યક્રમ હેઠળ ૨૦ હો.પા. સુધીના નવા ખેતીવાડી વીજજોડાણ ના કુવા/બોર પર ગ્રાહકે BEE ફાઈવ સ્ટાર રેટેડ સબમરશીબલ/મોનોબ્લોક પંપસેટ લગાવવાનો રહેશે.

- આ કાર્યક્રમ અન્વયે પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ દ્વારા, અરજદારે BEE અધિકૃત પંપસેટ ઉત્પાદક પાસેથી ખરીદ કરેલ પંપસેટ ની કુલ કીમત પૈકીની રકમ નીચે મુજબ ઉત્પાદકને ચુકવવામાં આવશે.

| ક્રમ | ખેતીવાડી અરજદાર માટે **BEE** ફાઈવ સ્ટાર રેટેડ પંપસેટની ક્ષમતા | પીજીવીસીએલ દ્વારા ખેતીવાડી અરજદાર વતી પૂરી પાડવા માટેની રકમ (રૂપિયા માં) |
|---|---|---|
| ૧ | ૫.૦ હો.પા | ૩,૯૦૦/- |
| ૨ | ૬.૦ હો.પા | ૩,૫૦૦/- |
| ૩ | ૭.૫ હો.પા | ૪,૬૦૦/- |
| ૪ | ૧૦ હો.પા | ૫,૫૦૦/- |
| ૫ | ૧૨.૫ હો.પા | ૬,૮૦૦/- |
| ૬ | ૧૫ હો.પા | ૮,૪૦૦/- |
| ૭ | ૧૭.૫ હો.પા | ૮,૮૦૦/- |
| ૮ | ૨૦ હો.પા | ૧૨,૫૦૦/- |

- ઉર્જા કાર્યક્ષમ પંપસેટ લગાવવાથી વારંવાર પંપ બળી જવાની ઘટનામાં નોંધપાત્ર ઘટાડો થશે તેમજ વારંવાર રીપેરીંગ તથા રીવાઈન્ડીંગ થવાના કારણે એમ્પીયર લોડીંગમાં વધારો થાય છે, આ થકી સર્જાતી લોડવધારાની મુશ્કેલી પણ નિવારી શકાશે.

- અરજદારોને ઉર્જા કાર્યક્ષમ પંપસેટ ઉત્પાદક તરફથી ૨ વર્ષની વોરંટી મળશે. આ સમયગાળા દરમીયાન ઉત્પાદક દ્વારા ૨૪ કલાકમાં મફત રિપેરિંગ અથવા રીપેરીંગમાં વધુ સમય લાગે તેમ હોય તો, અન્ય ઉર્જા કાર્યક્ષમ પંપસેટ દ્વારા બદલાવી ખામીવાળા પંપસેટનું રીપેરીંગ કરવામાં આવશે.

- આ કાર્યક્રમ અન્વયે અરજદારે અંદાજપત્રની રકમ ભરતી વખતે સાદા પત્ર પર સહમતી આપવાની રહેશે.

- અરજદારે BEE ફાઈવ સ્ટાર પંપસેટ લેવા માટે કોઈ એક BEE દ્વારા માન્ય પંપ સેટ ઉત્પાદક અથવા તેઓના પ્રમાણિત ડીલર/સપ્લાયર નક્કી કરવાનો રહેશે.

- અંદાજપત્રની રકમ ભરપાઈ થઇ ગયા બાદ ત્રિપક્ષીય કરાર (પ્રથમ પક્ષકાર:પીજીવીસીએલ, બીજા પક્ષકાર:અરજદાર અને ત્રિજા પક્ષકાર:અરજદારે નક્કી કરેલ **BEE** દ્વારા માન્ય પંપ સેટ ઉત્પાદક સાથે) કરવાનો રહેશે.

- અરજદારે જે **BEE** દ્વારા માન્ય પંપ સેટ સાથે ત્રિપક્ષીય કરાર કરેલ હોય તે ઉત્પાદક અથવા તેઓના પ્રમાણિત ડીલર/સપ્લાયર પાસેથી BEE ફાઈવ સ્ટાર પંપસેટ ખરીદ કરવાનો રહેશે.

- પંપસેટ ઉત્પાદક પાસેથી પંપસેટ ખરીદતી વખતે પંપસેટનુ બીલ તથા મોડેલ નંબર અને સીરીયલ નંબર સાથેનો ટેસ્ટરીપોર્ટ અરજદારે મેળવવાનો રહેશે.

- અરજદારે BEE ફાઈવ સ્ટાર રેટેડ સબમરશીબલ/મોનોબ્લોક પંપસેટ બોર/કુવાપર લગાવવા માટે પીજીવીસીએલ ની લાગુ પડતી પેટા-વિભાગીય કચેરીને ઓછામાં ઓછા ત્રણ દિવસ અગાઉથી જાણ કરવાની રહેશે તેમજ પીજીવીસીએલ ના અધિકારી/સ્ટાફ ની ઉપસ્થિતિમાં જ સ્થળ પર પંપસેટ પ્રસ્થાપન થતા ટેસ્ટીંગ ની કામગીરી કરાવવાની રહેશે.

- પંપ સેટ પ્રસ્થાપીત વખતે અરજદારએ પીજીવીસીએલ ના અધિકારી/સ્ટાફને **BEE** ફાઈવ સ્ટાર રેટેડ પંપસેટના ટેસ્ટરીપોર્ટ તેમજ બીલ/ઇનવોઈસની નકલ આપવાની રહેશે.

- અરજદારે વીજ જોડાણ ના ટેસ્ટ રિપોર્ટમાં **BEE** ફાઈવ સ્ટાર રેટેડ સબમરશીબલ/મોનોબ્લોક પંપસેટના હો.પા., સીરીયલ નંબર અને અનુસંગિક વિગતોનો ઉલ્લેખ કરવાનો રહેશે.

- આ કાર્યક્રમ અન્વયે લાભ મેળવનાર અરજદારે આ કાર્યક્રમ અંતર્ગત ખરીદ કરેલ પંપ સેટ માટે રાજ્ય/કેન્દ્ર સરકારની અન્ય કોઈપણ યોજના/કાર્યક્રમ દ્વારા સહાયતા/સબસીડી/લાભ મેળવેલ નથી તેમજ ભવિષ્યમાં મેળવશે નહિ તે અંગેની બાહેધરી ત્રિપક્ષીય કરાર દ્વારા લેખીતમાં કરવાની રહેશે.

## સબ ડીવીઝન કચેરીએ અરજદારને મોકલવાના પત્રનો નમુનો **Annexure C**

| સબ ડીવીઝન પત્ર નં. | તા: |
|---|---|

પ્રતિ

______________________________

______________________________

વિષય: આપના નવા ખેતીવાડી વિષયક હેતુસરના વીજ જોડાણ બાબત.

શ્રીમાન,

જય ભારત સાથ જણાવાનું કે આપની અરજી તારીખ __________મુજબ __________હો..પા. ના નવા વીજજોડાણ ની માંગણી અન્વયે અત્રેની કચેરી દ્વારા આપને અંદાજપત્ર આ સાથે સબ ડીવીઝન પત્ર નં. __________________________________ તા: ______________ આપવામાં આવેલ છે.

ગુજરાત વિદ્યુત નીયંત્રક આયોગ દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવેલ "ડીમાન્ડ સાઈડ રેગ્યુલેશન-૨૦૧૨" અનુસાર પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ દ્વારા ખેતીવાડી વિષયક નવા વીજ જોડાણો ફાઈવ સ્ટાર રેટેડ મોનોબ્લોક/સબમર્સીબલ પંપ સેટ સાથે રીલીઝ કરવાના હેતુસર આ કાર્યક્રમ ઘડવામાં આવેલ છે.

### ડિમાન્ડ સાઈડ મેનેજમેન્ટ કાર્યક્રમથી ખેડૂતો/અરજદારોને થવા પાત્ર લાભો.

- અરજદાર પોતાના કુવા/બોર પર ઉચ્ચ ગુણવતા વાળા ઉર્જા કાર્યક્ષમ પંપસેટ સામાન્ય પંપસેટની કિંમતે મેળવી લગાવી શકશે.

- આ કાર્યક્રમ અન્વયે પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ દ્વારા, અરજદારે **BEE** અધિકૃત પંપસેટ ઉત્પાદક પાસેથી ખરીદ કરેલ પંપસેટ ની કુલ કીમત પૈકીની રકમ નીચે મુજબ ઉત્પાદકને ચુકવવામાં આવશે.

| ક્રમ | ખેતીવાડી અરજદાર માટે **BEE** ફાઈવ સ્ટાર રેટેડ પંપસેટની ક્ષમતા | પીજીવીસીએલ દ્વારા ખેતીવાડી અરજદાર વતી પૂરી પાડવા માટેની રકમ (રૂપિયા માં) |
|---|---|---|
| ૧ | ૫.૦ હો.પા | ૩,૯૦૦/- |
| ૨ | ૬.૦ હો.પા | ૩,૫૦૦/- |
| ૩ | ૭.૫ હો.પા | ૪,૬૦૦/- |

| | | |
|---|---|---|
| ૪ | ૧૦ હો.પા | ૫,૫૦૦/- |
| ૫ | ૧૨.૫ હો.પા | ૬,૮૦૦/- |
| ૬ | ૧૫ હો.પા | ૮,૪૦૦/- |
| ૭ | ૧૭.૫ હો.પા | ૮,૮૦૦/- |
| ૮ | ૨૦ હો.પા | ૧૨,૫૦૦/- |

- ઉર્જા કાર્યક્ષમ પંપસેટ લગાવવાથી વારંવાર પંપ બળી જવાની ઘટનામાં નોંધપાત્ર ઘટાડો થશે તેમજ વારંવાર રીપેરીંગ તથા રીવાઈન્ડીંગ થવાના કારણે એમ્પીયર લોડીંગમાં વધારો થાય છે, આ થકી સર્જાતી લોડવધારાની મુશ્કેલી પણ નિવારી શકાશે.
- ઉર્જા કાર્યક્ષમ પંપસેટ લગાવવાથી ૧૫% સુધી વીજ બચત થશે જે મુજબ વીજબીલની રકમમાં પણ ઘટાડો થશે.
- અરજદારોને ઉર્જા કાર્યક્ષમ પંપસેટ ઉત્પાદક તરફથી ૨ વર્ષની વોરંટી મળશે. આ સમયગાળા દરમીયાન ઉત્પાદક દ્વારા ૨૪ કલાકમાં રિપેરિંગ અથવા રીપેરીંગમાં વધુ સમય લાગે તેમ હોય તો, અન્ય ઉર્જા કાર્યક્ષમ પંપસેટ દ્વારા બદલાવી ખામીવાળા પંપસેટનું રીપેરીંગ કરવામાં આવશે.

પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ દ્વારા લાગુ કરાયેલ ડીમાન્ડ સાઈડ મેનેજમેન્ટ કાર્યક્રમ હેઠળ ૨૦ હો.પા. સુધીના નવા ખેતીવાડી વીજજોડાણ ના કુવા/બોર પર અરજદારે BEE ફાઈવ સ્ટાર રેટેડ સબમરશીબલ/મોનોબ્લોક પંપસેટ લગાવવાનો રહેશે. આ પંપસેટ અરજદારે BEE અધિકૃત ઉત્પાદક/અધિકૃત ડીલર પાસે થી જ ખરીદવાનો રહેશે. આવા ઉત્પાદકોની યાદી આ સાથે સામેલ કરેલ છે.

આપને અંદાજપત્ર ની રકમ ભરપાઈ કરવા પૂર્વે પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ ની પેટા-વિભાગીય કચેરીએ થી સદરહુ કાર્યક્રમ અંગે ની વિગતવાર માહિતી મેળવી તે અનુસાર યોગ્ય કરવા સૂચિત કરવામાં આવે છે.

આભાર સહ...

નાયબ ઇજનેર

_________સબ-ડીવીઝન.

<u>અરજદાર પાસેથી અંદાજપત્ર ભરતી વખતે મેળવવાના સહમતી પત્રનો નમુનો</u> **Annexure C**

## <u>સહમતી પત્ર</u>

પ્રેક્ષક..................

ગામ .....................

તારીખ ..................

પ્રતિ

નાયબ ઇજનેર શ્રી

................................સબ ડિવિઝન

**.......................................................**

વિષય :-ડિમાન્ડ સાઈડ મેનેજમેંટ કાર્યક્રમ અન્વયે સહમતી પત્ર**.**

સંદર્ભ:**-** (૧) આપની કચેરી દ્વારા અપાયેલ અંદાજપત્ર ક્રમાંક.....................તારીખ .......................

(૨) આપની કચેરી પત્ર ક્રમાંક ...........................તારીખ ...................

માનનીય સાહેબ શ્રી

જય ભારત સાથ ઉપરોક્ત વિષય ના અનુસંધાને જણાવવાનું કે મારી નવા વિજજોડાણની અરજી અન્વયે મને આપની કચેરી દ્વારા સંદર્ભ ૧ દ્વારા અંદાજપત્ર આપવામાં આવેલ છે આ સાથે સંલગ્ન આપની કચેરીના પત્ર દ્વારા સદરહુ યોજના અંતર્ગત બીઈઈ માર્ક ધરાવતો ફાઈવ સ્ટાર રેટેડ ઉર્જા કાર્યક્ષમ પમ્પસેટ ખરીદી ને લગાવવાનું નક્કી કરેલ છે

આથી હું અરજદાર શ્રી/શ્રીમતી ................................................આપને લેખીત બાહેધરીઆપું છું કે મારા સદરહુ નવા વિજજોડાણ બોર /કૂવા પર વિજજોડાણ મારી માંગ ................હો.પા.અનુસાર .............હો.પા. ના બીઈઈ ૫ સ્ટાર પમ્પસેટ લગાવીશ તેમજ આ અંગે જરૂરી ત્રિપક્ષીય કરાર પણ કરીશ.

જે આપની જાણ તથા યોગ્ય થવા સારું.

આપનો વિસ્વાસુ

( )

## <u>પીજીવીસીએલના સ્ટાફ/અધિકારી દ્વારા કરવાના સ્થળ રોજકામનો નમુનો</u> **Annexure D**

### <u>સ્થળ પરનું રોજકામ</u>

તારીખ:- ____________________

રોજકામ શરૂ કર્યા સમય:- ____________________

આજરોજ હું/અમો નીચે સહી કરનાર પીજીવીસીએલના અધિકારી/કર્મચારી અરજદારશ્રી ના નવા વીજ જોડાણના સ્થળ પર ઉપસ્થિત છું/છીએ જેની વિગત નીચે મુજબ છે:

અરજદારનું નામ:-____________________________________________________

કરારિત વીજભાર:-__________ હો.પા.

સર્વે નંબર:__________________________ ગામ:-____________________

સદરહું સ્થળે કુવા / બોર પર મારી/અમારી હાજરીમાં BEE ફાઈવ સ્ટાર રેટેડ પંપસેટનું પ્રસ્થાપન કરવામાં આવેલ છે જેની વિગત નીચે મુજબ છે:

પંપસેટ મેઇક:-__________________________

પંપસેટ રેટિંગ:-____________________હો.પા.

પંપસેટ સીરીયલ નંબર:-______________________________

પંપસેટની અન્ય વિગત:-______________________________

ખેતીવિષયક વીજજોડાણના પંપસેટના પ્રસ્થાપન વખતે પંપસેટની નેમપ્લેટ તથા પ્રસ્થાપનના ફોટોગ્રાફ આ સાથે સામેલ છે.

પંપઉત્પાદક કંપની દ્વારા આપેલ પંપસેટનો ટેસ્ટરીપોર્ટ આ સાથે રજુ કરેલ છે.

અહી પ્રસ્થાપીત કરવામાં આવેલ BEE ફાઈવ સ્ટાર રેટેડ પંપસેટ ચાલુ કર્યા બાદ ટેસ્ટીંગ પેરામીટર માપન ઈનપુટ પાવર :____________________કી.વો. દર્શાવે છે.

ઉપરોક્ત લખેલ તમામ વિગતો સત્ય છે.

| પીજીવીસીએલના અધિકારી/કર્મચારીનું નામ | હોદો | સહી |
|---|---|---|
| ૧. | | |
| ૨. | | |

અરજદાર / અરજદારના ઉપસ્થિત પ્રતિનિધિનું નામ:-______________________________

સહી:- ____________________________________

રોજકામ પૂર્ણ કર્યાનો સમય:- ____________________________________

<u>આ કાર્યક્રમ અંતર્ગત કરવાના ત્રિપક્ષિય કરારનો નમુનો</u> **Annexure E**

<u>ખેતીવાડી ડીમાન્ડ સાઈડ મેનેજમેન્ટ અંતર્ગત નવા ખેતીવાડી વીજ જોડાણ અર્થે ત્રિપક્ષિય કરાર.</u>

***(૧૦૦/- ના નોન જ્યુડિસ્યલ સ્ટેમ્પ પેપર ઉપર)***

*પ્રસ્તાવના :*

ગુજરાત વિધુત નીયંત્રક આયોગ દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવેલ “ડીમાન્ડ સાઈડ મેનેજમેન્ટ રેગ્યુલેશન-૨૦૧૨” ને અનુસરતા પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ દ્વારા ખેતી વિષયક, નવા વીજ જોડાણો મેળવતા ગ્રાહકોને પોતાના કુવા અથવા બોર પર બ્યુરો ઓફ એનેર્જી એફીસીયન્સી, દિલ્હી, ભારત સરકાર માન્ય ફાઈવ સ્ટાર રેટેડ પંપ સેટ ના વપરાશ પ્રત્યે પ્રોત્સાહિત કરવા તેમજ વીજ ઉર્જાનો કાર્યક્ષમ ઉપયોગ થઈ શકે તે હેતુથી 'ડીમાન્ડ સાઈડ મેનેજમેન્ટ કાર્યક્રમ' જાહેર કરેલ છે.

સદર કાર્યક્રમની અમલવારી અંતર્ગત પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ, ખેતીવાડી નવા વીજ જોડાણના અરજદાર અને BEE ફાઈવ સ્ટાર રેટેડ પંપ સેટ ઉત્પાદક કંપની વચ્ચે નીચે મુજબ "ત્રિપક્ષીય કરાર" કરવામાં આવે છે.

<u>પ્રથમ પક્ષકાર</u>

પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ, એ કંપની ધારા ૧૯૫૬ હેઠળ નોંધાયેલ સરકારી કંપની કે જેની રજીસ્ટર્ડ કોર્પોરેટ ઓફિસ <u>નાના મવા મેઈન રોડની સામે, લક્ષ્મી નગર, રાજકોટ-૪</u> મુકામે આવેલ છે કે જેના વારસો અને અનુગામીઓનો સમવેશ થયેલ છે તેવુ માની લેવાનુ છે. તેઓનુ પ્રતિનિધિત્વ નાયબ ઇજનેરશ્રી, .....................પેટા વિભાગીય કચેરી, પીજીવીસીએલ દ્વારા કરવામાં આવશે. (જેમને હવે પછી આ કરારમાં ‘પ્રથમ પક્ષકાર’, કે ‘પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ’ એ રીતે સંબોધવામાં આવશે), અને

<u>બીજા પક્ષકાર</u>

શ્રી/શ્રીમતી .............................................................................................**(**ખેડુત**/**જમીન માલિક**/** નવા વીજ જોડાણના અરજદાર**/**સદર યોજનાના લાભાર્થી**)**, ઉ.વ.................(આશરે), ધંધો............................, રહે.............................................................................ની માલિકીની ખેતી લાયક જમીન સર્વે નં. ...................... ગામ /તાલુકો / જિલ્લો ........................................................................ (પાત્રતા ધરાવતા અરજદાર જેની

અરજી મંજુર કરવામાં આવેલ હોય તેમને હવે પછી આ કરારમાં બીજા પક્ષકાર, ખેતીવાડી વીજ અરજદાર એ રીતે સંબોધવામાં આવશે, જેના અર્થમાં તેમના વંશ, વાલી, વારસો ઇત્યાદિ નો સમાવેશ થાય છે.), અને

ત્રીજા પક્ષકાર

મેસર્સ ........................................................................................ જે કંપની એકટ/પાર્ટનશીપ એક્ટ હેઠળ રજીસ્ટર્ડ થયેલ ઉત્પાદક કંપની / ફર્મ છે, તથા બ્યુરો ઓફ એનેર્જી એફીસીયન્સી, દિલ્હી, ભારત સરકાર માં રજીસ્ટર થયેલ છે. જેનુ નોંધાયેલ સરનામુ.............................................................................................................છે. તેઓનુ પ્રતિનિધિત્વ BEE ફાઈવ સ્ટાર રેટેડ પંપસેટના ઉત્પાદક દ્વારા અધિકૃત કરાયેલ પ્રતિનિધિ .............................................................................................. ધ્વારા કરવામાં આવશે. (જેમને હવે પછી આ કરારમાં 'ત્રિજા પક્ષકાર', પંપ સેટ ઉત્પાદક એ રીતે સંબોધવામાં આવશે)

આથી અમો ઉપરોકત ત્રણેય પક્ષકારો વચ્ચે અરસ-પરસની સમજુતી મુજબ તારીખ.................... ના રોજ ...................... મુકામે કોઇપણ પ્રકારના દાબ, દબાણ કે ધમકીને વશ થયા વગર પુરા હોંશોહવાશમાં નીચે જણાવેલ શરતો મુજબ કરાર કર વામાં આવે છે.

1. આ કાર્યક્રમ અંતર્ગત પ્રથમ પક્ષકાર કંપની, બીજા પક્ષકાર અરજદારના નવા પંપ સેટ માટે **BEE** ફાઈવ સ્ટાર રેટેડ પંપ સેટ તથા સામાન્ય રીતે વાપરવામાં આવતા ભારતીય પ્રમાણભૂત પંપ સેટ ની સરેરાશ તફાવત રકમ પેટે,__________ હોર્સ પાવરના વીજ જોડાણના પંપ સેટ માટે કુલ રૂપિયા_____________ ત્રીજા પક્ષકારના અધિકૃત ડીલર અથવા તો અધિકૃત વિક્રેતા અથવા જેના નામનું ભરતિયું હશે તેને ચૂકવશે.
2. બીજા પક્ષકારે પોતાના માલિકીની ખેતીની જમીન પરના બોર અથવા કુવા પર **BEE** ફાઈવ સ્ટાર પંપ સેટ, ત્રીજા પક્ષકારના અધિકૃત ડીલર અથવા તો અધિકૃત વિક્રેતા પાસેથી ખરીદ કરીને લગાવવાનો રહેશે. આ પંપ સેટની માલિકી બીજા પક્ષકારની રહેશે.
3. બીજા પક્ષકારે ખેતીવાડી વીજ જોડાણની અરજી પ્રથમ પક્ષકારને કરેલ છે તથા તે સાથે જરુરી દસ્તાવેજી પુરાવા બિડેલ છે. તેઓની માંગણી મુજબ બોર અથવા કુવા માટે **BEE** ફાઈવ સ્ટાર રેટેડ પંપ સેટ, _______ હોર્સ પાવર માટે કુલ કિંમત માથી રૂપિયા__________ બાદ કરીને ત્રીજા પક્ષકાર પાસેથી વેચાણ લેવા માટે સહમત છે. તેમજ આ મુજબ પંપ સેટ વેચાણથી આપવા ત્રીજો પક્ષકાર પણ સહમત છે.

4. ત્રીજા પક્ષકારે વેચાણ આપેલ **BEE** ફાઈવ સ્ટાર પંપ સેટ સાથે પંપ સેટનો મોડલ નંબર તથા સીરીયલ નંબર સહિતનો ટેસ્ટ રિપોર્ટ તથા પંપ સેટ ઇનવોઈસની પ્રથમ પ્રત બીજા પક્ષકારને અચૂક આપવાની રહેશે.
5. ત્રીજા પક્ષકારે બે વર્ષની વોરંટી **BEE** ફાઈવ સ્ટાર પંપ સેટ માટે આપવાની રહેશે.
6. ત્રીજા પક્ષકારે બે વર્ષ સુધી **BEE** ફાઈવ સ્ટાર પંપ સેટનું રીપેરીંગ ૨૪ કલાકમાં કરવાનું રહેશે. જો રીપેરીંગ સમય મર્યાદામાં ન થાય તો તેવો જ **BEE** ફાઈવ સ્ટાર પંપ સેટ, જ્યાં સુધી બગડેલો પંપસેટ રીપેર ના થાય ત્યાં સુધી વૈકલ્પિક વ્યવસ્થા રૂપે બદલી આપવાનો રહેશે. તથા આ બાબતે તમામ જવાબદારી સીધી ત્રીજા પક્ષની રહેશે.
7. વોરંટીના બે વર્ષ સુધીમાં બીજા પક્ષકારના પંપસેટમાં કંઈપણ ખામી સર્જાય તો ત્રીજા પક્ષકાર કે તેના અધિકૃત પ્રતિનિધિનો તાત્કાલિક સંપર્ક કરવાના હેતુસર ત્રીજા પક્ષકાર દ્વારા આવેલ સંપર્ક નંબર:- ______________ તેમજ વૈકલ્પિક નંબર:- ________________ રહેશે.
8. બીજા પક્ષકારે સ્થળ પર પંપ સેટ લગાવવા અંગેની જાણ પ્રથમ પક્ષકારને ઓછામાં ઓછા ત્રણ દિવસ અગાવ કરવાની રહેશે.
9. બીજા પક્ષકારે ખરીદ કરેલ BEE ફાઈવ સ્ટાર પંપ સેટનું પ્રસ્થાપન કર્યા બાદ ડીસ્ચાર્જ (એલ.પી.એમ.) અને ઈનપુટ પાવર (કે.ડબલ્યુ.) નું માપન ત્રીજા પક્ષકારના પ્રતિનિધિ દ્વારા પ્રથમ પક્ષકારની હાજરીમાં કરવાનું રહેશે.
10. બીજા પક્ષકારે ખરીદ કરેલ BEE ફાઈવ સ્ટાર પંપ સેટના પ્રસ્થાપન વખતે પંપ સેટ ના ટેસ્ટ રિપોર્ટ તથા ઇનવોઇસની નકલ પીજીવીસીએલ ના ઉપસ્થિત સ્ટાફ/અધિકારીને આપવાની રહેશે.
11. ત્રીજા પક્ષકારે પંપસેટ સાથે આપેલ ટેસ્ટ રિપોર્ટ મુજબના ડીસ્ચાર્જ (એલ.પી.એમ.) તથા ઈનપુટ પાવર (કે.ડબલ્યુ.) પંપસેટના સ્થળ પર પ્રસ્થાપિત કર્યાના બે વર્ષ સુધી જાળવવાના રહેશે.
12. ત્રીજા પક્ષકારે દરેક વિભાગીય કચેરીના કાર્યક્ષેત્ર હેઠળ સપ્લાય કરેલ કુલ **BEE** ફાઈવ સ્ટાર પંપ સેટ ના ૧%, ૧ નંગ (જે વધુ હોય તે) પંપ સેટનું ટેસ્ટીંગ સેમ્પલ બેઈસ પર દર ૬ મહીને પ્રથમ પક્ષકારની ઉપસ્થિતિમાં કરવાનનું રહેશે. આ મુજબનું ટેસ્ટીંગ બે વર્ષની વોરંટીના સમયગાળા સુધી કરવાનું રહેશે. આ ટેસ્ટીંગ કરતા પંપ સેટના ઈનપુટ **(KW)** અને ડીસ્ચાર્જ **(LPM)** નું માપન કરવાનું રહેશે.
13. સ્થળ પર લગાવામાં આવેલ પંપ સેટ પૈકીના કોઈ પણ પંપસેટનું યાદચ્છીક રીતે, પ્રથમ પક્ષ દ્વારા નિયુક્ત કરાયેલ નિષ્પક્ષ પાર્ટી દ્વારા પરીક્ષણ કરાવીને પંપ સેટ ની કાર્યક્ષમતાનું

મૂલ્યાંકન કરવામાં આવશે. પંપ સેટ જો આ પરીક્ષણમાં નિષ્ફળ જશે તો પંપ સેટ ઉત્પાદકને **BEE** ફાઈવ સ્ટાર પંપ સેટ બદલી આપવાનો રહેશે.

14. બીજા પક્ષકારે વીજ પ્રસ્થાપન ના ટેસ્ટ રિપોર્ટમાં **BEE** ફાઈવ સ્ટાર રેટેડ પંપસેટના હો.પા., સીરીયલ નંબર અને અનુસંગિક વિગતોનો ઉલ્લેખ કરવાનો રહેશે તેમજ ટેસ્ટ રિપોર્ટ સાથે પંપસેટના બીલની નકલ રજુ કરવાની રહેશે.
15. આ કાર્યક્રમ અંતર્ગત બીજા પક્ષકારે ખરીદ કરેલ સદરહું **BEE** ફાઈવ સ્ટાર પંપ સેટ સંદર્ભે રાજ્ય/કેન્દ્ર સરકારની અન્ય કોઈ પણ યોજના/કાર્યક્રમ દ્વારા સહાયતા/સબસીડી/લાભ મેળવેલ નથી તેમજ ભવિષ્યમાં પણ મેળવશે નહી. અન્યથા બીજા પક્ષકાર પાસેથી સહાયતા રકમની વસુલાત કરવાનો પ્રથમ પક્ષકારને સંપૂર્ણ અધિકાર રહેશે.
16. સદર કરારના અમલ દરમ્યાન ઉદ્દભવતી કોઇ વિવાદ અંગેનો અંતિમ નિર્ણય લેવાનો અધિકાર માનનીય મેનીજીંગ ડીરેકટર, પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ નો રહેશે તેમજ તે નિર્ણય તમામ પક્ષકારોને બંધનકર્તા રહેશે.

ઉપરોકત કરારની તમામ શરતો ત્રણેય પક્ષકારોએ વાંચી/વંચાવી, સમજી, વિચારી, અક્કલ હોશીયારીથી તેમજ શુધ્ધ બુદ્ધિથી લખી આપેલ છે જે તમામ પક્ષકારોને બંધનકર્તા રહેશે અને આ શરતોના સ્વિકાર બદલ ત્રણેય પક્ષકારો દ્વારા સદર કરાર ઉપર સહી કરવામાં આવે છે.

તારીખ : .................................        સ્થળ : ...............................

(૧) પ્રથમ પક્ષકાર (પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ)

........................................................................................(સહી, સિક્કો, પુરૂનામ અને સરનામુ)

સાક્ષી .......................................................

(૨) બીજા પક્ષકાર (ખેતીવાડી વીજ અરજદાર)

.........................................................................................................(સહી, પુરૂનામ અને સરનામુ)

સાક્ષી .......................................................

(3) ત્રીજા પક્ષકાર (પંપ સેટ ઉત્પાદક/ પંપ ઉત્પાદકના અધિકૃત સપ્લાયર)

.........................................................................................(સહી, સિક્કો, પુરૂનામ અને સરનામુ)

સાક્ષી .......................................................